

સતપંથ - જ્યોત

સ્થાપના તા. ૩૦-૧૦-૯૩, આસો સુદ-૧૫

વર્ષ : ૧] ડિસેમ્બર - તા. ૧૦-૧૨-૧૯૯૩ [અં

સતપંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ, પીરાણા પી. નં. ૩૮૨૪૨૫

તા. દસક્રોઈ, જિ. અમદાવાદ

S.T.D. ૦૨૭૧૮/૮૮ ૨૨૭ P.P.

For Reference See Pages: 5.



સતપંથ - જ્યોત

સ્થાપના તા. ૩૦-૧૦-૯૩, આસો સુદ-૧૫

વર્ષ : ૧] ડિસેમ્બર - તા. ૧૦-૧૨-૧૯૯૩ [અંક

સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા પી. નં. ૩૮૨૪૨૫
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ
S.T.D. ૦૨૭૧૮/૮૮ ૨૨૭ P.P.

પ્રકાશક :- સતપંથ પ્રકાશન સમિતિ
સંપાદક :- શ્રી સામજીભાઈ કે. પટેલ

વાર્ષિક લવાજમ : ભારતમાં રૂા. ૪૨/- વિદેશમાં રૂા. ૧૨૫/-
આજીવન ગ્રાહક : ભારતમાં રૂા. ૪૫૧/- વિદેશમાં રૂા. ૧૪૦૦/-
અમર ગ્રાહક : ભારતમાં રૂા. ૧૦૦૧/- વિદેશમાં રૂા. ૩૦૦૧/-

✻ અનુક્રમણિકા ✻

- સતપંથ જ્યોત દર મહિનાની દશ તારીખે પ્રગટ થશે.
- ગ્રાહકે પોતાના સરનામામાં ફેરફાર કરવાનો હોય તો નીચેના સરનામે પત્રથી જાણ કરશો.
- પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવશો.
- ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે.
- પોતાના ગામના અંકોના વિતરણ કાર્યમાં સેવા આપનાર વ્યક્તિએ પોતાનું નામ અને સરનામું જણાવવું.
- લેખકોએ પોતાના લેખ સ્વચ્છ અક્ષરે કાગળની એક સાઈડમાં લખીને મોકલવા. લેખ પ્રસિદ્ધ કરવો કે નહીં તે સંપાદકને આધીન છે.

-: પત્રવ્યવહારનું સરનામું :-
સતપંથ પ્રકાશન સમિતિ
ઠે. પ્રેરણાપીઠ પીરાણા, તા. દસક્રોઈ જિ. અમદાવાદ
સંપાદક :- શ્રી સામજીભાઈ કે. પટેલ

—: નમ્ર નિવેદન :—

વ્હાલા સત્પંથી ભાઈ–બ્હેનો, વડીલો માતાઓ,

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ સદાય સુખી સમૃદ્ધિ અને સંસ્કારી રાખે અને સદ્‌બુદ્ધિ, શક્તિ આપે એ જ અંતરની અભિલાષા.

વિશેષમાં લખવાનું કે આપણે તા. ૩૦–૧૦–૯૩ થી "સંતપંથ જ્યોત" માસિક અંક બહાર પાડેલ છે તો તમો સૌ 'સતપંથ જ્યોત'ના કાયમી સભ્ય થઈને સહકાર આપશો કારણ કે આ 'સંતપંથ જ્યોત' માસિકથી આપણી સંસ્થાની શક્તિ વધશે. વ્યક્તિગત તેમજ સામાજિક તેમજ આર્થિક સમજ શક્તિમાં ખૂબ જ વધારો થશે. ઘણા-ભાઈઓનાં સૂચન છે કે શું સતપંથ જ્યોત કાયમ ચાલી શકશે તો સૂચન કરનાર ભાઈઓને અમો વિશ્વાસ આપીએ છીએ કે 'સતપંથ જ્યોત' કાયમી ચાલશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તો સતપંથી ભાઈઓને અમારી નમ્ર વિનંતી છે કે ગામેગામ જ્યાં સતપંથનું મંદિર હોય ત્યાં અમર ગ્રાહક થઈ 'સતપંથ જ્યોત'ને મદદનીશ થાય અને બીજા સુખી અને સમૃદ્ધ હોય તેવા ભાઈઓ પણ 'સતપંથ જ્યોત' ના 'અમર ગ્રાહક' થઈને મદદનીશ થાય અને બાકીના ભાઈઓ 'આજીવન ગ્રાહક' થાય અને છેલ્લે છેલ્લે વાર્ષિક સભ્ય તો થાય જ એવી આપ સૌ પાસે આશા રાખીએ છીએ કે આપ બધા જ અમોને સાથ સહકાર આપશો જ.

લિ. સંપાદક.

S.K.Patel

: મન ચિંતામણિ ગ્રંથમાંથી :–

સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ રચિત

(ગતાંકથી ચાલુ)

(રાગ : રામાયણની ચોપાઈ)

ઘટમાં તીર્થ ને ઘટમાં વન,
નિર્મળ હોએ જો આપણું મન....(૧)
જ્યાં લગી મનશું ફરતા ફરિયે,
તીર્થ વનમાં અર્થ નવ સરિયે....(૨)
કારણ સઘળું મનનું જાણ.
મુનિવર અજાણી શું બોલો વાણ ?....(૩)
શોધો શાસ્ત્ર ને વેદ પુરાણ,
પુછો સદ્‌ગુરૂ પંડિત શું જાણ....(૪)
સદ્‌ગુરૂ શાસ્ત્ર જો રાખો ઉથાપ.
મન થર થાએ નહીં શોક સંતોષ,
તું હી સાચા સાહેબ હો....

મન થર કરો મુનિવરો,
થર વિના દુઃખ અપાર,
કારણ સઘળું મન તણું,
સદ્‌ગુરૂ કહે પોકાર....પદ (૩)

વળી વળી કીજે એહી જતન,
જેણે નિર્મળ થાએ આપણું મન....(૧)
સાંઈ (ઈશ્વર) સમરો તજો અભિમાન,
સદ્‌ગુરૂ ચરણે કીજે ભક્તિ જ્ઞાન...(૨)
ગુરૂ જ્ઞાને સંત સંગત કરીએ,
માયા મોહ મત્સર પર હરિએ....(૩)
જ્ઞાન વચન હૃદયમાં ધરીએ,
સ્મરણ એક, સાહેબનું કરીએ....(૪)
એ સદ્ ભક્તિએ બ્રહ્મ જ્ઞાન,
જો સઘળે કીજે દૃષ્ટિ સમાન....(૫)
તુંહી સાચા સાહેબ હો....

ઘટ ઘટ હરિ વસી રહ્યો,
તમે જોઈ લેજો જાણ,
દેહ થકી અળગો ન ટળે,
એમ સદ્‌ગુરૂ કહે જ્ઞાન....(૪)

(ક્રમશઃ આવતા અંકે)

ॐ

શ્રી સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાન્ત ગ્રંથમાંથી

શ્રી સદ્‌ગુરૂ સમર્થ

* નિવેદન *

" गुरुः सदा दर्शयिता प्रवृत्ति तीर्थ व्रतं योगतपादिधर्मान् ।
आचारवर्णादिविवेकयशान् ज्ञानं परंभक्ति विवेकयुक्तम् " ॥

गुरु भजे शास्त्रमार्ग वर्तोनी ! तीर्थ व्रत योग तयादिमुनी ।
आचारवर्णादि ज्ञानी ! ज्ञानपरमभक्ति विवेकयुक्त ॥१४१॥

याकारणे श्रीगुरुसी । भजावे शास्त्रमार्गेसी ।
तीर्थव्रतयाग तपासी । ज्योतिस्वरुप असे जागा ॥१४२॥

आचारधर्म वर्णाश्रमासी । विवेकधर्म मार्गासी ।
भक्तिवैराग्य युक्तासी । गुरूची मार्गदात्रिकार ॥१४३॥

गुरु सर्व देवासमान । गुरुविण पार नाही ।
गुरु सेविता सर्वसिद्धि । होती परियेसा त्रिशुद्धि ॥१४४॥

–गुरू चरित्र अ. २ रा.

ખરેખર, ગુરૂ મહિમાનું વર્ણન કરીએ તેટલું ઓછું જ છે. ગુરૂ એ જ્યોતિ સ્વરૂપ હોય છે. એટલે જ પ્રમાણે દીપ પ્રજ્વલિત થવાથી અંધારું દૂર થાય છે. તે પ્રમાણે ગુરૂ પોતાના શિષ્યના અંતરમાં રહેલું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરે છે. સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ કહે છે કે–

"ગુરૂ દીવો, ગુરૂ દેવતા, ગુરૂ બિના ઘોર અંધારા,
ગુરૂ બીના જુગતી નહીં, ગુરૂ બીના મુગતિ નહી"

આ કંઇક જામતું નથી...
ગુરુ દેવો, ગુરુ દેવતા

ગુરૂ શિષ્ય પાસેથી તીર્થવ્રત યોગ વગેરે કરાવી તેમને વિવેક જ્ઞાન શીખવાડે છે. અને જ્ઞાનયુક્ત વ્યક્તિ તથા વ્યક્તિયુક્ત વૈરાગ્ય સ્વીકારવા

કહી પરમેશ્વર સ્વરૂપમાં લીન કરાવે છે. તેથી ગુરૂ ઈશ્વર સમાન છે. ગુરૂ આપણા માર્ગદર્શક છે, તેમના વિના આપણી જીવન નૌકા કિનારે પહોંચતી નથી. ગુરૂ એ આપણી જીવનનૌકા ભવસાગર પાર કરાવનારા નાવિક છે. ગુરૂની સેવા કરનારને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમની સેવાથી કાયા, વાચા અને મનની શુદ્ધિ થાય છે. રામદાસ સ્વામી દાસબોધમાં કહે છે....

"ब्राह्मणे पाविजे देवादिदेवा । तही किमर्थ सद्‌गुरु करावा
ऐसे म्हणोल तही निजठवा । सदगुरुविण नाहि ॥"

બ્રાહ્મણ વિગેરેના લીધે જો ઈશ્વરની પ્રાપ્તિ થતી હોત તો સદ્‌ગુરૂ કરવાની શી જરૂર છે. ! બ્રાહ્મણ સ્વધર્મ કર્મમાં પૂજનીય હોય તો પણ સદ્‌ગુરૂકૃપા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેથી સદ્‌ગુરૂ એ આપણો ખજાનો છે. સદ્‌ગુરૂ સિવાય જેણે જ્ઞાન મેળવ્યું તે જ્ઞાન નહીં પણ માત્ર શ્રમ છે. જન્મમરણના ફેરા ટાળવા હોય તો હંમેશાં સદ્‌ગુરૂનું શરણ લેવું જોઈએ. કેમ કે તેમની કૃપા દૃષ્ટિથી જ બધી ઉપાધીમાંથી મુક્ત થઈ શકાય છે તેથી જ કહ્યું છે કે....

"ध्यानमूलं गुरोमूर्तिः पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपाः ॥"

માણસે ગુરૂનું ધ્યાન ધરવું, ગુરૂચરણની પૂજા કરવી, ગુરૂ મંત્ર જ બોલવો કારણ ગુરૂકૃપાથી જ મુક્તિ મળે છે.

ગુરૂકૃપા ન હોય તો અધોગતિ થઈ જન્મ નિષ્ફળ જાય છે. તેથી ગુરૂકૃપા માટે તાલાવેલી હોવી જોઈએ. સદ્‌ગુરૂ ઈમામશાહ કહે છે....

"લાગી રે જેને મનવીએ, તેના અંતર માવળિયા જોયે ॥"

આ લીટી મનમાં બરાબર ઠસી જાય અને મનમાં સદ્‌ગુરૂ વિષે દૃઢ શ્રદ્ધા અને અતુટનિષ્ઠા જાગે તેને જ ગુરૂકૃપાનો લાભ થઈ જ્ઞાનપ્રાપ્તિ થાય છે. અને ભવબંધ તૂટી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી સદ્‌ગુરૂનો ઉપદેશ આપણે કૃતિમાં ઉતારવો એમાં જ મહત્તા છે. સદ્‌ગુરૂ કહે છે....

કરણી બીના કેમ પામીએ ।
ઇહા કછું કરણી કમાવસો તો પામસો વૈંકુઠવાસજી ॥

જે સદ્‌ગુરૂવચનનું પાલન કરતો નથી તે અવિદ્યાથી નરકવાસ પામે

છે. વેદશાસ્ત્રમાં કહ્યું છે કે, સદ્‌ગુરૂ કૃપાસિંધુ હોય છે. આખી સૃષ્ટિના હોય છે તે મેઘસમાન હોય છે. જેમ મેઘમાંથી સતત વરસાદ વરસે છે, પણ ઊંચી જગાએ તેનું ટીપું સરખું રહેતું નથી. નીચાણવાળા ભાગમાં પાણી ભેગું થાય છે તેવી જ રીતે સદ્‌ગુરૂએ આપેલ જ્ઞાન યોગ્યતા મુજબ ગ્રહણ થાય છે. ઘમંડી, દાંભિક અને અભિમાની લોકો પાસે જ્ઞાનનું ટીપું પણ નથી હોતું, પણ નીચા એટલે નમ્ર અને દૃઢ શ્રદ્ધાવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

તેથી જ સદ્‌ગુરૂની સરખામણી કોની સાથે કરવી તે કઠણ છે. તેમણે કલ્પવૃક્ષ સાથે સરખાવીએ તો તે પુરતું નથી, કારણ કલ્પવૃક્ષ તો માગેલી અને કલ્પેલી વસ્તુ આપે છે. પણ સદ્‌ગુરૂ તો નહીં કલ્પેલી કામના પણ પૂરી કરે છે. આ રીતે વેદ શ્રુતિ સ્મૃતિમાં તેમની ખ્યાતિ છે. એવા સદ્‌-ગુરૂના ચરણ કમળની સેવા કરી તેમના જ ચરણનું ધ્યાન ધરવું કે જેથી મુક્તિ મળી શકે, શાસ્ત્રમાં કહ્યું છે કે....

"गुरुः पिता गुरुर्माता गुरुदेव परः शिवः ।
शिवे गुरुष्टे रुत्राता गुरौ रुष्टे न कञ्चन" ॥

ગુરૂ આપણાં માતા–પિતા છે, ગુરૂ એજ સાક્ષાત પરબ્રહ્મ છે. જો ઈશ્વરનો કોઈના ઉપર કોપ થાય તો પણ ગુરૂને શ્રદ્ધાથી તે શરણે જાય તો ગુરૂ જ તેનું રક્ષણ કરે છે. પણ ગુરૂનો કોપ થાય તો તેનું રક્ષણ દેવ પણ કરી શકતા નથી. વળી જો કોઈના ઉપર ઈશ્વર પ્રસન્ન થાય તો પ્રત્યક્ષ ઈશ્વર જ તેના આધીન છે એમ સમજવું.

"गुरुब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुरेक परब्रह्म तस्माद् गुरुमुणश्रयेत् ॥"

ગુરૂ એ જ બ્રહ્મા વિષ્ણું અને મહેશ છે પણ ગુરૂ એક જ પરબ્રહ્મ-રૂપ છે, તેથી માણસે ગુરૂનો જ આશ્રય લેવો.

મનુષ્ય માત્રને જ્ઞાન આપે તે ગુરૂ, કારણ "જેનાથી જ્ઞાન મળે તે ગુરૂ" એવું શાસ્ત્ર વચન છે.

"गुरुशब्दस्त्वं धकारोऽस्मि शब्दस्तन्निरोधकः ।"

'गु' એટલે અંધારું 'रु' એટલે તેનો નાશ કરનાર, આ રીતે ગુરૂ

એજ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર છે, મનુષ્ય અજ્ઞાની હોવાથી જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરૂની જરૂર હોય છે, કારણ જ્ઞાન વગર મુક્તિ નથી અને ગુરૂ વગર જ્ઞાન મળતું નથી. 'नास्ति तत्त्वं गुरो परम्।' ગુરૂ કરતાં શ્રેષ્ઠ એવું બીજું કોઇપણ તત્ત્વ નથી. સદ્‌ગુરૂ સમાગમ દુર્લભ હોય છે. સત્ત-પંથ જ્ઞાન સાહિત્યમાં કહ્યું છે કે....

પૂર્વ જન્મનો ભાગ્ય અમારો કી ભાઈ સંચો અમારો ।
ઇસિ દિન ગુરૂ બ્રહ્માજી મલીયા કી ભવભંજન એણે ગુરૂ ટાલીયા ॥

અમારા પહેલા ના જન્મનું ભાગ્ય આજે ઉદય પામ્યું. તેથી પ્રત્યક્ષ સદ્‌ગુરૂ બ્રહ્મા જ અમને આજે મળ્યા, જેના કારણે અમારો ભવબંધ સમૂળ દૂર થયો, આવો ભવભંજન કરનારા સદ્‌ગુરૂ મળવા દુર્લભ હોય છે, એક સંતે કહ્યું છે કે....

सदगुरु गुरु बहु अंतरो, जो दिवसे अरु जाण ।
गुरु बतावे वैकुण्ठ तो, सदगुरु दे निजधाम ॥

ગુરૂ અને સદ્‌ગુરૂમાં ફેર છે, ગુરૂ વૈકુંઠનો માર્ગ બતાવે છે તો સદ્‌-ગુરૂ બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે – મુક્તિ માર્ગ બતાવે છે ગુરૂ તો અનેક હોય છે. પણ સદ્‌ગુરૂ યુગાંતરમાં ભાગ્યે જ મળે છે. એને જ યુગગુરુ અથવા સૃષ્ટિ ગુરૂ કહે છે. બારે કળાથી યુકત હોય તે જ ખરા સદ્‌ગુરૂ કહેવાય. વેદશાસ્ત્રમાં સદ્‌ગુરૂની બાર કળા નીચે મુજબ કહી છે

(૧) જે પૂર્ણચંદ્ર પ્રમાણે નિર્મળ હોય છે. (૨) જે સૂર્ય પ્રમાણે તેજસ્વી. (૩) અગમ્યરૂપ બતાવનાર. (૪) અગમ નિગમ જાણનાર. (૫) જેમના પગ ઉપર યજ્ઞ હોય. (૬) જેમના જમણા પગના અંગૂઠામાંથી દૂધ એટલે તીર્થ નિકળે છે. (૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી અને જે આખુંય જગત એકરૂપ જુએ છે. (૮) જેમના પગ જમીનને અડતા નથી એટલે જેમની ગતી મનની ગતિ પ્રમાણે છે. (૯) જે સત્ત્વ, રજ, તમાદિ ગુણોથી પર હોય અને જેમની આંખો અત્યંત તેજસ્વી હોય છે. જે પોતાના મુખમાં ચૌદ ભુવનો બતાવે છે એટલે ચૌદ ભુવનોની અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે. અને જન્મતા જ બધા વેદ બોલી બતાવે છે. (૧૧) જેમની શકિત દેવ અને દાનવો કરતાં વધારે હોય છે. (૧૨)

જે જીતેન્દ્રિય હોઈ બધાની મનોકામના પૂરી કરે છે. આ પ્રમાણે બારે કળાથી યુકત હોય તેજ સદ્‌ગુરૂ યુગગુરૂ–જગદ્‌ગુરૂ કહેવાય. નહીં તો....

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः ।
दुर्लभः सद्गुरुर्देवि शिष्यहृतापहारकः ॥

ગુરૂ ગીતામાં પાર્વતીજીને શંકર કહે છે કે 'શિષ્યનું ધન હરણ કરનારા ઘણા ગુરુ હોય છે. પણ શિષ્યના હૃદયનો તાપ હરણ કરનારા ગુરૂ દુર્લભ હોય છે. તેથી જે મહાપુરૂષની કૃપાથી અજ્ઞાન દૂર થઈ જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે તેજ ગુરૂ કહેવાય. જીવને ભવબંધનમાંથી મુકત થવાની ઇચ્છા હોવા છતાં માયા અને મોહની ભ્રમણાના અંતરાયો દૂર કરવાની તેમનામાં શકિત હોતી નથી. આવા પ્રસંગે ત્રિવિધ તાપથી ગ્રસ્ત થયેલા સંસારી જીવને મનની શાંતિ અને આનંદ આપનારા સદ્‌ગુરૂની જરૂર હોય છે, ગુરૂ એકાદ શિષ્યની નજીકમાં શરીરથી નહીં હોય છતાં ગુરૂ વચન ઉપર શિષ્યની અડગ શ્રદ્ધા હોય તો પણ ગુરૂ પ્રેરણાથી તેવા શિષ્યને પરમપદનું જ્ઞાન થાય છે. એકલવ્યનું ઉદાહરણ આના માટે પૂરતું છે. અર્જુનને ઉપદેશ આપતી વખતે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે....

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥
भ. गीता अ. ४/३९

(ક્રમશ બીજા અંકે)

× વિણેલાં મોતી ×

* ઉદાર હૃદય વિનાનો ધનવાન પણ એક ભિખારી જ છે.
* કોઈના દુર્ગુણ તરફ દૃષ્ટિ નાખશો નહિ પરંતુ તેના સદગુણો તરફ જરૂરથી મીટ માંડશો.
* ક્રોધને ગળી જવામાં જ માણસાઈ છે.
* હૃદયપૂર્વકનો પસ્તાવો કયારેક માણસને પ્રગતિના માર્ગે પણ ચડાવી દે છે.
* શ્રદ્ધા તો અંતરના ઊંડાણમાંથી પ્રગટે છે, તે કાંઈ બીજા પાસેથી લઈ શકાતી નથી.

વાટકો, પાણી અને સોય

–નાથુભાઈ જાદવ

તામિલ ભાષાના કવિ વલ્લૂવર. તેમની પત્નીનું નામ વાસુકી હતું. તે ઘણી પતિવ્રતા નારી હતી. પતિની સેવા કરવી અને તેના વચનનું પાલન કરવું, એ તેનો સિદ્ધાંત હતો.

લગ્નને દિવસે સૌપ્રથમ તેણીએ વલ્લુવરને ભોજનની થાળી પીરસી, ત્યારે વલ્લુવરે કહ્યું :

"મારી ભોજનની થાળી સાથે, હંમેશાં એક પાણી ભરેલો વાટકો અને સોય મૂકતાં રહેજો."

વાસુકીએ જીવનપર્યંત પતિની આ આજ્ઞાનું પાલન કર્યું. પરંતુ કદી પણ તેનું કારણ ન પૂછયું. પરંતુ જ્યારે વાસુકીના જીવનની અંતિમ ક્ષણો આવી, ત્યારે વલ્લુવરે પૂછયું :

"તમારે કાંઈ જોઈએ છે? તમારી કોઈ અંતિમ ઇચ્છા છે?"

"હા, એક વાત પૂછવી છે. લગ્નને દિવસે આપે મને જમતી વખતે નિત્ય એક વાટકો પાણી અને સોય મૂકવા કહ્યું હતું. મેં તે કામ પ્રતિદિન કર્યું છે. મારી ઇચ્છા, આજે એનું કારણ જાણવાની છે. તમે એ વાત જણાવશો તો હું શાંતિથી મરી શકીશ."

વાસુકીના અંતિમ પ્રશ્નનો શાંતિથી જવાબ આપતાં વલ્લુવરે કહ્યું:

"મેં એટલા માટે પાણી ભરેલો વાટકો અને સોય રાખવા કહ્યું હતું કે, જમવાનું પીરસતાં કદાચ ભાતના દાણા નીચે પડે તો તેને સોયથી ઉઠાવીને પાણીમાં ધોઈ ફરી ખાઈ શકું. પરંતુ તું એટલી કાર્યદક્ષ છે કે, હું એક પણ દિવસ તે સોય અને પાણીનો ઉપયોગ કરી શકયો નથી."

કવિ દંપતિના જીવનની આ નાનીશી વાત પણ કેટલી ઉત્તમ છે!

સતપંથ બાળ શિક્ષણ શિબિર



આ સતપંથ બાળ શિક્ષણ શિબિરના પ્રણેતાને તમે ઓળખો છો ? આ....છે....આપણા લોકલાડીલા, પરમ વંદનિય, પરમ પૂજ્ય આચાર્ય શ્રી કરશનદાસજી મહારાજ.

જેમના હૃદયમાં સર્વ પ્રત્યેની સદ્‌ભાવના છે. દરેક ધર્મ–સંપ્રદાયો, દરેક સંતો અને કેટલીય સંસ્થાઓ સાથે જેમને સ્નેહભર્યા સંબંધો છે. સમાજમાં સૌ પ્રત્યે ગુણગ્રાહકતા અને પોતાના પ્રત્યે સજાગૃતા સેવી જેમણે સર્વોન્નતિ માટેની અનોખી સાધના કરી છે, એવા સમન્વયપ્રેમી સંત, આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ સમાજમાં સૌનું હૃદય આકર્ષનારા અને આધ્યાત્મિક જીવનની પ્રેરણા આપનારા તિર્થ સમાન પ્રેરણાપીઠના ગાદીપતિ છે.

એમની આંખની નિર્મળતા, હૃદયની સરળતા, નમ્રતા, ઉદારતા, અને રગેરગમાં વ્યાપેલી સામાજીક અને રાષ્ટ્રીય એકતા માટેની ઝંખના. અને જ્યાં જાય ત્યાં સૌનાં હૃદયને અહોભાવયુક્ત બનાવી ઉન્નતિ તરફ આકર્ષે છે.

એમના પ્રવચન અને કાવ્ય માધુર્યથી તેઓ સતપંથના પ્રણેતા અને લોકહૃદયના શાસક બન્યા છે. એમના જીવન માધુર્યથી તેઓ ઇશ્વરનું સાંમિપ્ય ધરાવનારા આરાધક બન્યા છે.

હંમેશાં સમય પાલન માટે સતત જાગ્રત રહેનારા અને નિષ્કામ કર્મયોગ વડે જીવનને અને સમાજને ઉન્નત બનાવવા માટે સતત પ્રયત્ન કરનારા પ્રાતઃ સ્મરણીય સંતશ્રી આચાર્ય કરસનદાસજી મહારાજે આ શિબિરમાં ઉદ્‌બોધન કર્યું હતું કે–

આપણી ભારતભૂમિ દેવોની ભૂમિ છે, ઋષીમુનિઓની ભૂમિ છે. તેવા પવિત્ર ઋષીઓનાં આપણે સંતાન છીએ. તો સુસંસ્કૃતિ જળવાઈ રહે તેનું જતન કરીએ, તેનું રક્ષણ કરીએ, તો જ આપણે ઋષીમુનીઓના ઋણમાંથી મુક્ત થઈશું. તો આજે આ શિબિરમાંથી મેળવેલું માનવતાનું મૂલ્ય સમજીને માનવ–માનવ વચ્ચેના મતભેદો, સ્વાર્થ માટેના ઝઘડાઓને સમજણથી દૂર કરી નિષ્કામભાવે “માનવસેવા” ને ધ્યાનમાં રાખી ધાર્મિક સંસ્કારનું અમૂલ્ય ભાથું તમોએ મેળવ્યું છે. તેને દિનપ્રતિદિન ઉજ્જવળ બનાવજો.

વડીલોને સૂચન કર્યું છે કે—

દરેક બાળકો પ્રત્યે પોતાના માતા–પિતાએ ધ્યાન આપી આ શિબિરમાંથી મેળવેલ સંસ્કારોને વધુ ને વધુ વેગ મળે તે માટે પોતાના ઘર, ગામ અને સમાજમાં સક્રિય રહી તેવા પ્રયત્નો કરવા જેથી પોતાનો પરિવાર ગામ, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થઈ શકશે. હવે પછીની શિબિરો તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં સક્રિયપણે સેવાના કાર્યમાં જોડાવા દરેક અનુયાયીઓને સૂચન કરેલ છે. સતપંથ–ધર્મ અને આ સંસ્થાનો વિકાસ એ વિશ્વકલ્યાણ વિકાસનો માર્ગ છે.

શિબિરાર્થીઓને સંકલ્પ લેવાનો પ્રસ્તાવ પરમ–પૂજ્ય આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજે મૂક્યો. જે સંકલ્પો ફરજિયાત ન હતા. પરંતુ જે શિબિરાર્થી જે સંકલ્પ લે તેનું અવશ્ય પાલન કરવું જરૂરી છે. તેની તકેદારી રાખવાનું કામ વડીલ બંધુઓનું છે. દરેક શિબિરાર્થીઓને ગુરૂગાદિથી બે સંકલ્પપત્રો આપ્યાં હતાં. તેમાં એક સંકલ્પપત્રમાં પિતા અથવા વાલીની સહી કરાવી પરત મોકલવું, બીજું વડીલબંધુઓએ પાસે રાખવું અને આપના પુત્ર–પુત્રીએ લીધેલ સંકલ્પનું નિરીક્ષણ કરવું

અથવા ભૂલે તો ટકોર કરવી. જે સંકલ્પો ૧૧ અગીયાર નીચે મુજબના છે. તે સ્વેચ્છાએ સ્વીકારી અનુસરવાના છે.

—: પ્રતિજ્ઞા પત્ર :—

(૧) હું દરરોજ સવારે વહેલા/વહેલી–ઊઠીશ.

(૨) હું દરરોજ સવારની ક્રિયાઓ પૂરી કર્યા પછી ચા-દૂધ લઇશ.

(૩) હું દરરોજ સવાર–સાંજ મંદિરમાં દર્શનાર્થે જઇશ અને ચંદન–તિલક કરીશ.

(૪) હું દરરોજ અમર મંત્રની ઓછામાં ઓછી બે અથવા પાંચ પાંચ માળા કરીશ.

(૫) હું દરરોજ માતા–પિતાને નમસ્કાર કરીશ.

(૬) હું હંમેશાં વડીલોને તથા અતિથિઓને આદર આપીશ.

(૭) હું હંમેશાં સત્ય બોલીશ.

(૮) હું ક્યારેય ચોરી કરીશ નહિ.

(૯) હું કોઈ પણ પ્રકારનું વ્યસન કરીશ નહિ.

(૧૦) હું જીવ માત્ર ઉપર દયા–ભાવ રાખીશ.

(૧૧) હું હંમેશાં આજ્ઞાકિંત બનીશ.

વડીલ બંધુઓ, આ સતપંથ બાળ શિબિરથી જ બાળકો કદાચ વંચિત રહી ગયાં હોય, તો જાણ્યા બાદ પાલન માટે સંસ્કારનું સીંચન સીંચજો. અહિંયાં સતપંથ સદાચાર તાલિમ શિબિરમાં તેમને જે જ્ઞાન મળ્યું છે ઘેર નિયમિત બને એની તકેદારી વડીલબંધુએ રાખવાની છે. શકય બને તેટલી દૈનિક દીનચર્યા પાળવાનો પ્રયત્ન કરશો તો જરૂર જીવનમાં પરિવર્તન કરાવશે. પરંતુ પરમ પૂજ્ય કરસનદાસજી મહારાજે કહ્યું તે મુજબ જેને આ સંકલ્પો પ્રત્યે ઉત્સાહ તમન્ના હશે તેને માટે અવશ્ય પ્રેરણાદાયી છે. બાકી જેને મનની અંદર રુચે નહીં તેને માટે પ્રેરણાદાયીને બદલે પ્રતિકૂળ અર્થાત તકલીફવાળી લાગે. તમને સાધુ બનાવવા સંકલ્પો નથી લેવડાવવા પરંતુ તમો જ્યાં જાઓ ત્યાં સારા બનો, યોગ્ય બનો, અધિકારી બનો. જીવન જરૂર ઉત્સાહી લાગશે ને ગમશે.

તારીખ ૧૬–૧૧–૯૩ થી ૨૦–૧૧–૯૩ સુધી સતપંથ બાલ શિક્ષણ શિબિરમાં સદ્ગુરૂ ઇમામશાહ મહારાજની છત્રછાયા નીચે આપ બધાય સેવા આપી સહભાગી થયા. તેમજ કમિટિ સભ્યો શ્રી ભીમજીભાઈ કરસનભાઇ પટેલ તથા દેવરામભાઈ દેવશીભાઈ પટેલ તથા માવજીભાઈ ડાહ્યાભાઈ મુખી તથા હંસરાજભાઈ રામજીભાઈ પટેલ તેમજ નાનજીભાઈ હીરજીભાઈ તેમજ સતપંથ બાળ શિક્ષણ આયોજન સમિતિના કાર્યકર્તા ભાઈઓએ અગમચેતી રાખી તમામ રૂમોમાં જોઈતો સરસામાન રાખી તેમજ શિક્ષકો તથા શિક્ષિકાબહેનોને સ્ટેશનરીની સગવડ તેમજ વર્ગ ક્લાસોની સગવડ તેમજ ભોજન માટે જોઈતી સામગ્રી તેમજ મંડપ તથા માઈક વિગેરે જોઈતી સગવડ પૂરી પાડીને સારો સહકાર આપ્યો. તેના બદલે આપણે તો શું આપી શકીએ ? પરંતુ સદ્ગુરૂ ઇમામશાહ મહારાજને વિનંતી કરીએ કે આવાં સારાં કામ કરવાની શક્તિ આપે અને એમનું જીવન ધન્ય બનાવે. એ જ સદ્ગુરૂ ઇમામશાહ મહારાજ પાસે પ્રાર્થના છે.

આ બાલિકાઓની શિબિરમાં તજ્જ્ઞમિત્રો, શિક્ષકોએ શિબિરને સફળ બનાવવામાં સેવા આપી છે. તેમનાં નામોની યાદી આ પ્રમાણે છે.

(૧) શ્રી જેઠાભાઈ કે. પટેલ પ્રિન્સીપાલ	જ્યોતિ હાઇસ્કૂલ	ખેડબ્રહ્મા
(૨) શ્રી કરશનભાઇ પી. પટેલ	બોરલ હાઇસ્કૂલ	તા. બાયડ
(૩) ,, સુરેશભાઈ એસ. પટેલ	જ્યોતિ હાઇસ્કૂલ	ખેડબ્રહ્મા
(૪) ,, પ્રફુલચંદ્ર કે. પટેલ	,,	,,
(૫) ,, શાંતિભાઈ જે. પટેલ	,,	,,
(૬) ,, બાબુભાઈ એસ. પટેલ	શિકાકંપા	તા. મોડાસા
(૭) ,, રણછોડભાઈ એચ. પટેલ	લક્ષ્મીપુરાકંપા	તા. બાયડ
(૮) ,, સતીષભાઈ ડી. પટેલ	મેઘપુરાકંપા	તા. બાયડ
(૯) ,, દિનેશકુમાર વી. પટેલ	પ્રતાપગઢકંપા	તા. વિજયનગર
(૧૦) ,, આનંદભાઈ બી. મોદી	રાજપીપળા	તા. રાજપીપળા
(૧૧) ,, હીરાભાઈ બી. પટેલ	પુનિયાદ	તા. શિનોર

આ બાલિકાઓની શિબિરમાં તજજ્ઞ (શિક્ષિકા) બહેનોનાં નામ આ પ્રમાણે છે.

(૧)	પટેલ અનસુયાબેન હીરજીભાઈ	નારણપુરાકંપા	(મોડાસા)
(૨)	,, ચંદ્રિકાબેન મોહનભાઈ	લાલુકંપા	(બાયઠ)
(૩)	,, સુમિત્રાબેન કાન્તીભાઇ	કરશનપુરાકંપા	(મોડાસા)
(૪)	,, પુષ્પાબેન ડાહ્યાભાઈ	,,	,,
(૫)	,, અરૂણાબેન સવજીભાઈ	,,	,,
(૬)	,, સરલાબેન દિનેશકુમાર	પ્રતાપગઢકંપા	(વિજયનગર)
(૭)	,, દિપાબેન પરસોતમભાઈ	લીંભોઈકંપા	(મોડાસા)
(૮)	,, પરેશાબેન જેઠાભાઈ	માતાજીકંપા	(ખેડબ્રહ્મા)
(૯)	,, સુમિત્રાબેન રવજીભાઈ	મહાદેવપુરાકંપા	(મોડાસા)
(૧૦)	,, રસિલાબેન અંબાલાલ	શિકાકંપા	,,
(૧૧)	,, ગીતાબેન બાબુભાઈ	વજેપુરાકંપા	(બાયડ)
(૧૨)	,, રશ્મિકાબેન શાન્તિલાલ	,,	,,
(૧૩)	,, મીનાબેન રતિભાઈ	હાથીપુરાકંપા	,,
(૧૪)	,, ગીતાબેન અંબાલાલ	લાલુકંપા	,,
(૧૫)	,, કોકીલાબેન શાન્તિભાઈ	,,	,,
(૧૬)	,, કંચનબેન મગનભાઇ	મોહનપુરકંપા	(મોડાસા)
(૧૭)	,, સવિતાબેન દેવજીભાઈ	,,	,,
(૧૮)	,, જયશ્રીબેન વલ્લભભાઈ	,,	,,
(૧૯)	,, ભાવનાબેન કમલેશકુમાર	મહાદેવપુરાકંપા	,,
(૨૦)	,, અરૂણાબેન પરસોતમભાઈ	ધરમેડાકંપા	(બાયડ)
(૨૧)	,, કંચનબેન સુકેશકુમાર	નારણપુરાકંપા	(મોડાસા)
(૨૨)	,, રેખાબેન મણીભાઈ	ડોકટરકંપા	,,
(૨૩)	,, ચંદ્રિકાબેન સામજીભાઈ	માળકંપા	(મેઘરજ)
(૨૪)	,, મંજુલાબેન ધનજીભાઈ	નહેરૂકંપા	(મોડાસા)
(૨૫)	,, નિતાબેન ઈશ્વરભાઈ	પ્રતાપગઢકંપા	(વિજયનગર)
(૨૬)	,, પ્રભાવતીબેન કરશનભાઈ	લાલુકંપા	(બાયડ)
(૨૭)	,, તરૂલતાબેન પંકજકુમાર	વડાગામ	(મોડાસા)
(૨૮)	,, વિજયાબેન કાન્તીભાઈ	ભવાનીપુરાકંપા	,,
(૨૯)	માછી ઇન્દુબેન ચંદુભાઈ	રાજપીપળા	
(૩૦)	માછી હેમલતાબેન ચીમનભાઈ	,,	
(૩૧)	માછી જ્યોતિબેન મોહનભાઈ	,,	

અને શિક્ષિકા બહેનોએ જે બધાં જ પી. ટી. સી., બી. એ. બીએડ, બી.એસ.સી. બીએડ પાસ થયેલાઓએ પોતાના અમૂલ્ય સમય અને અનુભવ શક્તિનો સ્રોત વહેવડાવ્યો–જેનાં વખાણ વાણીથી ન થઈ શકે તેવો હતો. તેમજ સતપંથ સમાજના આગેવાનો સર્વશ્રી જીવરાજભાઈ લધાભાઈ તથા કરશનભાઈ રાજાભાઈ, જેઠાભાઈ સીવજીભાઈ નાનજીભાઈ હીરજીભાઈ, કરશનભાઈ દેવજીભાઈ પંડિત તથા હંસરાજભાઈ પ્રેમજીભાઈ, તથા હંસરાજભાઈ ગોવિંદભાઈ તથા કેશુભાઈ રામજીભાઈ, નારણભાઈ મેઘજીભાઈ કચ્છ અરજણભાઈ શામજીભાઈ કચ્છ, કાનજીભાઈ નથુભાઈ કચ્છ મોહનભાઈ ચીમનભાઈ પટેલ બાપુજીની વાડી સુરત, સાકરચંદ મુખી સુરત, નાથુભાઈ જાદવ વડોદરા તેમજ રાજપીપળાના સોમાભાઈ પાનવાલા, ચંદુભાઈ માછી, નટુભાઈ પટેલ મેનેજરશ્રી બેંક ઓફ બરોડા રાજપીપળા તેમજ ખંભાતવાલા રસીકભાઈ રાણા, ભીખુભાઈ રાણા, રમેશભાઈ રાણા ખંભાત તેમજ ભાવનગરવાલા ગણપતભાઈ પટેલ તેમજ અવાખલ વડોદરાવાળા હરીભાઈ પટેલ તથા અંબુભાઈ પટેલ તથા ગંગારામભાઈ લાલજીભાઈ તથા ગંગારામભાઈ નાનજીભાઈ તથા નાનજીભાઈ મેઘજીભાઈ, તથા મણીભાઈ વાલજીભાઈ તથા મણીલાલ કાનજીભાઈ પાલડીલાટ મોહનભાઈ કરસનભાઈ તથા અરજણભાઈ ખેતાભાઈ હેમપુરીલાટ તેમણે સતત પ્રયત્નશીલ રહીને સોનામાં સુગંધ જેવા પ્રભાવથી સાથ અને સહકાર આપ્યો તે બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

તા. ૧૭–૧૧–૯૩ના કરમસદ સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસ સ્વામી, પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે બાલિકાઓ તમે તો શકિત સ્વરૂપા છો. તમે ધરતી કહેવાઓ અને આવતી પેઢીના રત્નોનું ઉદ્‌ભવ સ્થાન છો. તો બાળ જીવનમાં ધર્મ–સંસ્કારની 'ખૂબ આવશ્યકતા છે. યાદ રાખો કે જેમ વઘાર વગરનું શાક નિરર્થક છે તેમ સંસ્કાર વગરનું જીવન નિરર્થક છે. આપણે ગુજરાતીમાં વઘાર કહીએ છીએ તેને સંસ્કૃતમાં સંસ્કાર કહેવાય છે. અને આજે "મહાપૂજા" દરમ્યાન તમારી ધીરજ અને શિસ્ત જોઈ હું ખૂબ જ પ્રભાવિત થયો છું મહાપૂજા દરમ્યાન કોઈ પણ જાતનો અવાજ નહી, દરેકનું મન મંત્રોચાર સ્તુતિ જોડે લાગેલુ હતું. વિશેષ પ્રસાદ જમવામાં ધીરજ અને શિસ્તનો સંયમ તમારામાં જોયો. આજ્ઞા

પહેલાં પ્રસાદ જમ્યો નથી, ખરેખર આ સદ્ગુરૂ ઈમામ શાહ મહારાજની સત્ય–વાણીનો પ્રભાવ છે આવી રીતે અનેક દ્રષ્ટાંત આપી સંસ્કારનું જ્ઞાન આપ્યું તેના માટે રામદાસ સ્વામીનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો પડે તેમ છે.

તેમજ ગુરૂ બંધુશ્રી કાશીરામ રાણા સુરતવાળા જે સંસદ સભ્ય છે. તેઓએ પણ સત્યં–વદ ધર્મંચરના સૂત્ર મારફતે બાલિકાઓને સમજાવી કહ્યું હંમેશાં સાચુ બોલો અને ધર્મના માર્ગને અનુસરો. અને આવી સતપંથ શિક્ષણ બાળશિબિરો જોઈને ખૂબ આનંદ થયો. અને આવી શિબિરોથી જ્ઞાન મેળવીને જરૂર કુટુંબ–પરિવારમાં તેમજ ગામ અને સમાજમાં સતપંથ ધર્મની સાચી સમજ વિષેની જાગૃતિ લાવી શકીશું અને આવી શિબિરો અવાર નવાર યોજાતી રહે. તેવી ઇચ્છા દ્દઢ–સંકલ્પ કરીને દોહરાવી હતી તે ખરેખર આપણા બધાય માટે પ્રસંશનીય અને એક માર્ગદર્શક સમાન હતી.

તેમજ નડીયાદ આઈ. વી. પટેલ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ સાહેબ તેમજ સતપંથી ગુરૂ બંધુ શ્રી રમણભાઈ દૂધવાલાએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે જીવનમાં પરિવર્તન લાવવા ધર્મનું તણખલુંય જરૂરી છે. તેમાં ધર્મ શિબિરની ખાસ આવશ્યક્તા રહેલી છે. બીજું સ્વામી વિવેકાનંદની ત્રણ વાતો જેવી કે (૧) (ભલાઈમાં) વિશ્વાસ, (૨) (અદેખાઈથી) મુક્ત (૩) (સારા કાર્યોમાં) ટેકો આપવો જેથી વ્યક્તિ બળવાન બનશે તો કુટુંબ–પરિવાર, સમાજ અને રાષ્ટ્ર બળવાન બનાવશે. તેમાં ક્યાંય શંકાને સ્થાન નથી. તેમજ અનેક દ્રષ્ટાંતો આપી સંસ્કારો વિષેનું સારૂ જ્ઞાન આપ્યું. સાંભળી ખૂબ જ મજા પડી. આ રમણભાઈ સાહેબને આપણે કદિયે નહિ ભૂલીએ.

તા. ૧૮–૧૧–૯૩ સતપંથ બાળ શિક્ષણ શિબિરમાં પધારેલ સત કૈવલ ગુરૂગાદી સારસાપુરીના મહંત શ્રી અને અખિલ ભારતીય સાધુ સંત સમિતિના ઉપાધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી અવિચળદાસજી મહારાજે પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે આજે શિક્ષણ વ્યવસ્થા બધે જ ઠેકાણે છે. પરંતુ સંસ્કાર–સિંચનની વ્યવસ્થા જોઈએ તેવી નથી. "સંસ્કારી પાસે જ." શિક્ષણ અને સંપત્તિ દીપી ઊઠે છે. જ્યાં પ્રેમ હોય ત્યાં કાર્યનો બોજો

હોતો નથી. અને સંતોનો સમાગમ પ્રારબ્ધ વગર શકય નથી. જ્ઞાન–પ્રસાદ શિબિરમાંથી લઈ જવાનો છે. આજનો સમાજ વ્યસન–ફેસનમાં ફસાઈ ગયેલ છે. તો તમો સાત્વિક જીવન જીવો, સારો ખોરાક ખાઓ. શરીર સ્વાસ્થ્ય જળવાય તેવું જમો. ફક્ત ખાવા–પીવા મોજશોખમાં જીવન વ્યતિત કરશો તો જીવન સફળ નહિ થાય. કલ્પવૃક્ષ–કામધેનુ ચિંતામણી, દેવ, સંત, રાક્ષસ, ભૂત–પ્રેત વિગેરે માનવમાંથી જ થાય છે. સારું ચિંતન કલ્પના કરો તો સંત દેવ, જેવા ગુણ આવે છે. આજે ખરાબ ચિંતન કલ્પના કરો તો રાવણ, દુર્યોધન, કંસ જેવા ગુણો આવે છે. જો સારી કલ્પના કરશો. માનવ બનવાની કલ્પના કરી મારો ઉદ્ધાર કરું, સમાજનો ઉદ્ધાર કરીશ કુટુંબનો ઉદ્ધાર કરીશ તેવી કલ્પના કરશો. કલ્પનાનો સફળ કરવાનો પ્રમાણિક પુરૂષાર્થ કરવો.

સદ્‌બુદ્ધિ એટલે સજ્જનતા. આપણી શકિતનો સદ્‌ઉપયોગ કરી શકાય તેવી સમજણ કેળવીએ તો તે સબુદ્ધિશાળી. વિદ્યા વિવાદ, ધન દોલત, માટે સબુદ્ધિ શકિતનો દુરુપયોગ [રાવણ, દુર્યોધન, કંસ પાસે કુબુદ્ધિ હતી તે ખરાબ કામ કરાવે છે. શિસ્ત અને સંસ્કાર વગરના સમાજમાં અંધાધુધી થાય છે. માટે શિસ્તબદ્ધ અને નિયમિત બનો. સવારે વહેલા જાગો, પ્રાર્થના ધ્યાન કરો. પછી દિનચર્યા કરો. આ પ્રમાણે અનેક દ્રષ્ટાંતો આપીને આપણને સારૂં જ્ઞાન આપ્યું. કે મનુષ્ય નરમાંથી નારાયણ બની શકે છે. તો આપણે બધાંએ અવિચળદાસજી મહારાજની જ્ઞાનવાણીને અનુસરીને આપણું જીવન ધન્ય બનાવીશું. આવા પરમ વંદનીય અવિચલદાસજી મહારાજને શું આપી શકીએ ? પરંતુ સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ પાસે પ્રાર્થના કરીએ. આવા પરમાર્થી સંતને પરમાર્થ કરવાની શકિત આપે.

તા. ૧૯–૧૧–૯૩ એ સતપંથ બાળ શિક્ષણ શિબિરમાં પધારેલ આબુવાળા ગાયત્રી પીઠવાળા મહંતશ્રી કૃષ્ણાનંદ સરસ્વતી સ્વામીજીએ પોતાના પ્રવચનમાં સારું એવું જ્ઞાન આપીને કહ્યું કે હે બાલિકાઓ તમો જગદંબા–સ્વરૂપ છો. તમારામાં અગાધ શકિતઓ છુપાયેલી છે, તેને જાગૃત અવસ્થા માટે આ સતપંથ બાળ શિક્ષણ શિબિરની ઘણી જ અગત્યતા છે. અને આ શિબિરમાંથી જે સંસ્કારો તમોને સંતો–મહંતો તરફથી કહેવામાં આવે છે તે, સંસ્કારો તમારા જીવનમાં ઉતારશો તો

તમારૂં જીવન બહુ જ ઉજ્જવળ અને આનંદમય બનશે. આવી જ રીતે અનેક દૃષ્ટાંતો આપી જ્ઞાન સમજાવ્યું તે ખૂબ જ પ્રસંસનીય છે. અને આવા જ્ઞાનને આપણે જરૂરથી આપણા જીવનમાં ઉતારીશું અને ધન્ય બનીશું.

તેમજ મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ વિભાગમાં આવેલ ફૈજપુર સતપંથ મંદિરના ગાદીપતિ મહંતશ્રી જગન્નાથજી મહારાજે પોતાના પ્રવચનમાં આપણને હિન્દી ભાષામાં જ્ઞાન પીરસ્યું તે જીવનમાં ખૂબ જ ઉપયોગી થાય તેવુ હતું. તો આવુ ઉત્તમ જ્ઞાન ફરી અવારનવાર આપતા રહીને અમારા જીવનને ધન્ય બનાવવાની શક્તિ સદ્દગુરૂ ઈમામશાહ મહારાજ અર્પે એજ પ્રાર્થના. તેમજ સંત જેવા જેઠાભાઈ સીવજીભાઈ તથા જીવરાજભાઈ, લધાભાઈ તથા શિક્ષિકાબહેન શ્રી કંચનબહેન વગેરેએ પોતાની આગવી શૈલીમાં પોતાના અનુભવોના અમૂલ્ય ખજાનાનો અહેસાસ કરાવ્યો આપણને ઘણું ઘણું જાણવા મળ્યું અને શિબિરને સાચું સ્વરૂપ આપ્યું તે કદીયે ન ભૂલી શકાય તેવું હતું.

"સતપંથ બાળ શિક્ષણ શિબિર" પ્રેરણાપીઠ પીરાણા તા. ૧૬–૧૧–૯૩ થી તા. ૨૦–૧૧–૯૩ દરમ્યાન સદ્દગુરૂ ઈમામશાહ મહારાજની છત્રછાયા નીચે સમિતિઓએ સેવા આપી.

—: આયોજન સમિતિ :—

(૧) પટેલ જેઠાભાઈ ખેતાભાઈ કન્વીનરશ્રી માતાજી કંપા તા. ખેડબ્રહ્મા
(૨) ,, શામજીભાઈ કાનજીભાઈ વૈધકંપા તા. મોડાસા
(૩) ,, જીવરાજભાઈ લધાભાઈ માધવકંપા તા. બાયડ
(૪) ,, મણીભાઈ કે. પટેલ હિંમતનગર
(૫) ,, રમણભાઈ પેથાભાઈ હિંમતનગર
(૬) ,, કરશનભાઈ જીવરાજભાઈ રાજેન્દ્રફાર્મ તા. દહેગામ
(૭) ,, ભીમજીભાઈ કરશનભાઈ કાપડીવાવ તા. કપડવંજ
(૮) ,, ગંગારામ નાનજીભાઈ મોહનપુરકંપા તા. મોડાસા
(૯) ,, અરજણભાઈ શામજીભાઈ આનસર – કચ્છ
(૧૦) ,, દેવશીભાઈ સીવજીભાઈ શીંગલકંપા – ખેડબ્રહ્મા
(૧૧) ,, દેવરામભાઈ દેવશીભાઈ પાલડીલાટ તા. દસક્રોઈ
(૧૨) ,, હંસરાજભાઈ ગોવિંદભાઈ મેઘપુરાકંપા તા. બાયડ

—: કાર્યાલય સમિતિ :—

(૧) પટેલ છગનભાઈ સોમજીભાઈ	વડાગામ તા. મોડાસા
(૨) ,, રવજીભાઈ શિવદાસભાઈ	માધવકંપા તા. બાયડ
(૩) ,, શાંતિલાલ વિસરામભાઈ	વજેપુરાકંપા તા. બાયડ
(૪) ,, કેશુભાઈ રામજીભાઈ	વૈધકંપા તા. મોડાસા
(૫) ,, શાંતિલાલ કાનજીભાઈ	લાલુકંપા તા. બાયડ
(૬) ,, અશ્વિનકુમાર એસ. પટેલ	વડાગામ મોડાસા
(૭) ,, જસવંતભાઈ કરશનભાઈ	પાલડીલાટ તા. દસક્રોઈ

—: ઉતારા વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ મોહનભાઈ કરશનભાઈ	હેમપુરીલાટ દસક્રોઈ
(૨) ,, મણીલાલ કાનજીભાઈ	પાલડીલાટ ,,
(૩) ,, ગણપતભાઈ શામજીભાઈ	હેમપુરીલાટ ,,
(૪) ,, જયંતિલાલ દેવશામભાઈ	પાલડીલાટ ,,
(૫) ,, રમેશભાઈ અરજણભાઈ	હેમપુરીલાટ ,,
(૬) ,, જયંતિલાલ કરશનભાઈ	પાલડીલાટ ,,

—: પ્રચાર અને પ્રકાશન વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ શામજીભાઈ કાનજીભાઈ	વૈધકંપા તા. મોડાસા
(૨) ,, જીવરાજભાઈ લધાભાઈ	માધવકંપા તા. બાયડ
(૩) ,, પ્રફુલ્લભાઈ કાન્તિલાલ	તાંદલીયાકંપા ખેડબ્રહ્મા
(૪) ,, બાબુભાઈ શામજીભાઈ	શીકાકંપા તા. મોડાસા

—: પ્રાર્થના–ધ્યાન વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ નટુભાઈ રતનસીભાઈ	રામપુરાકંપા તા. બાયડ
(૨) ,, રમણભાઈ પેથાભાઈ	હિંમતનગર
(૩) ,, સવજીભાઈ અરજણભાઈ	ગોતાકંપા તા. ખેડબ્રહ્મા
(૪) ,, શાંતિલાલ કાનજીભાઈ	ગોતાકંપા ,,
(૫) ,, શાંતિલાલ ખેતાભાઈ	ગોતાકંપા ,,

—: ભોજન વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ સવદાસભાઈ રામજીભાઈ — નાંદોલફાર્મ તા. દહેગામ
(૨) ,, કરશનભાઈ જીવરાજભાઈ — રાજેન્દ્ર ફાર્મ તા. ,,
(૩) ,, નાથાભાઈ સીવજીભાઈ — પ્રેમનગર તા. મોડાસા
(૪) ,, ભાઈલાલભાઈ જેઠાભાઈ — પ્રતાપગઢ કંપા વિજયનગર
(૫) ,, લખમણભાઈ સુખી — દામાવાસકંપા તા. ખેડબ્રહ્મા

—: ભોજન પીરસવા તેમજ ચાપાણી સમિતિ :—

(૧) પટેલ હીરજીભાઈ લખુભાઈ — ચાંપલપુરકંપા તા. દહેગામ
(૨) ,, દાનાભાઈ વાલજીભાઈ — શીવપુરાકંપા મોડાસા
(૩) ,, હંસરાજભાઈ ગોવિંદભાઈ — મેઘપુરાકંપા બાયડ
(૪) ,, દેવશીભાઈ ભાણજીભાઈ — નવા નારણપુરાકંપા
(૫) ,, દેવશીભાઈ લાલજીભાઈ — નહેરૂકંપા

—: આરોગ્ય વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ ગોવિંદભાઈ શામજીભાઈ — આનંદપુર કંપા મોડાસા
(૨) ડૉ. મહેન્દ્રભાઈ બી. પટેલ, બાયડ તા. ૧૭– / તા. ૧૮– | ૧૧–૯૩ ની સેવા
(૩) ડૉ. રણછોડભાઈ એ. પટેલ, હલદરવાસ તા. ૧૯–૧૧–૯૩ ની સેવા
(૪) ડૉ. વાડીલાલ જે. પટેલ, બાયડ તા. ૨૦–૧૧–૯૩ ની સેવા
(૫) કુમારી પરેશાબેન જે. પટેલ — માતાજીકંપા તા. ખેડબ્રહ્મા
(૬) કુમારી ગીતાબેન હંસરાજભાઈ — મેઘપુરાકંપા તા. બાયડ
(૭) કુમારી ઉષાબેન રતીલાલ — મેઘપુરાકંપા તા. બાયડ

—: સ્ટેજ માઈક વ્યવસ્થા સમિતિ :—

(૧) પટેલ સુરેશકુમાર સવજીભાઈ — તાદલીયાકંપા — તા. ખેડબ્રહ્મા
(૨) ,, પ્રફુલ્લભાઈ કાન્તિલાલ — ,, — ,,
(૩) ,, શાંતિલાલ જીવરાજભાઈ — નવા રામપુરાકંપા — તા. ઈડર
(૪) ,, સુનિલકુમાર બળવંતભાઈ — હેમપુરીલાટ — તા. દશક્રોઈ
(૫) ,, મોહનભાઈ એસ. પટેલ — પાલડીલાટ — તા. દસક્રોઈ
વડાગામ — ત્રોડાસા
(૬) ,, અરવિંદભાઈ મણીલાલ — ,, — ,,

—: રેકોર્ડીંગ ફોટોગ્રાફી વ્યવસ્થા સમિતિ :—

(૧)	પટેલ જયંતિલાલ શામજીભાઈ	વૈદ્યકંપા	વડાગામ
(૨)	,, હસમુખલાલ હીરાલાલ		દહેગામ
(૩)	,, રાજીવકુમાર મોહનભાઈ		વડાગામ
(૪)	,, ચેતનકુમાર ગોવિંદભાઈ		વૈદ્યકંપા–વડાગામ
(૫)	,, ઈશ્વરલાલ કેસરાભાઈ		ધરમેડાકંપા
(૬)	,, વિનુભાઈ મણીલાલ	પાલડીલાટ,	તા. દસક્રોઈ

દરેક સમિતિના કાર્યકર્તાઓએ પોતાને સોંપેલી જવાબદારીઓ ખંત અને નિષ્ઠાપૂર્વક બજાવી. આ શિબિરને સો ટકા સફળ બનાવી તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ અને આવી સેવા કરવા માટે સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ સદ્‌બુદ્ધિ શક્તિ અને સદ્‌પ્રેરણા સદાયને માટે આપે એ જ પ્રાર્થના.

વિશેષમાં આ શિબિરમાં–શિબિરાથી તરીકે આવેલ ૪૦ બાલિકાઓ જે પંદર વર્ષથી મોટી હતી. તેમના માટે એક એકસ્ટ્રા અભ્યાસક્રમ ક્લાસરૂમ ખોલીને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ નવાઈની વાત એ છે કે આ ચાલીસ બાલિકાઓએ પોતાનો અભ્યાસ ચાલુ રાખીને વધારામાં જ્યારે બધા જ શિબિરાથીંઓ જમવા બેસે અને ચા–નાસ્તો કરવા બેસે ત્યારે બધાયને પ્રેમપૂર્વક પીરસવાનું કામ મૂંગા–મોઢે શીસ્તબંધ પૂરઝડપથી કરેલું તે જોઈને એમ લાગે છે. આ બાલિકાઓએ શિક્ષણ અને સેવાનો સમન્વય કરીને એક અનોખું ઉદાહરણ પૂરૂ પાડયું છે. અમોને એમ લાગે છે કે આ બાલિકાઓએ આટલી સેવા ન ઉઠાવી હોત તો જરૂર શિબિર વ્યવસ્થામાં તકલીફ પડે તેમ લાગતું હતું. માટે તેઓને સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ આવાં કામ કરવાની શક્તિ અને ભક્તિ આપે એવી પ્રાર્થના.

આ શિબિરમાં વાલીઓએ જે પોતાની બાલિકાઓને રસ લઈને શિબિરમાં ભાગ લેવા માટે મોકલી તે બદલ પણ તેમનો આભાર માનવો ઘટે છે. તેમજ સદર શિબિરમાં નામી–અનામી ભાઈઓ તથા બહેનોએ ભાગ લઈને જે સાથ અને સહકાર આપ્યો તે ભૂલી શકાય તેમ નથી.

સતપંથ બાળ શિક્ષણ સમિતિ આયોજન સમિતિ વતીથી જે કોઈએ સેવા (કાર્ય) આપી હોય અને જાણે–અજાણે યાદ કરવાનું રહી ગયું હોય તો પણ આયોજન સમિતિ ક્ષમાયાચના માગે છે. અસ્તુ.

□

"સતપંથ બાળ શિક્ષણ શિબિરનો સમાપન સમારોહ"

સમગ્ર ગુજરાતમાં આજે દિનપ્રતિદિન સંતપંથ ધર્મ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ ધર્મના વડા શ્રી સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજથી માંડીને આજના પ્રેરણાપીઠ પીરાણાના પીઠાધિકારી આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજના સાંનિધ્યમાં કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર ખાનદેશમાં આ પંથ ફૂલ્યો ફાલ્યો છે અને દિનપ્રતિદિન તેનો અવિરતપણે વિકાસ થઈ રહ્યો છે.

આ સમાજે પાયાના સંસ્કાર શિક્ષણની શરૂઆત ઘરથી કરી, સારા સંસ્કારો નાનાં બાળકોને આપીશું તો બાળક પરિવાર, સમાજ અને રાષ્ટ્ર મજબૂત બનશે. આજના અંધાધૂંધી ભરેલા સમયમાં માનવ માત્રને સારા સંસ્કાર, વિચારો, વિનય અને વિવેકની જરૂર છે.

આ સતપંથી સમાજે ૧૦ થી ૧૫ વર્ષની ઉંમરની બાલિકાઓને સંસ્કાર શિક્ષણ વેકેશનના સમયમાં આપવાનો પ્રયત્ન કર્યો.

ટી. વી. અને વિડીયો જેવાં મનોરંજનનાં સાધનોમાંથી બાળકોમાં વિકૃતિ ન આવે તેના માટે સતપંથી સમાજે બાળકોને સંસ્કારનું શિક્ષણ આપવા માટે ચાલુ સાલે દિવાળી વેકેશનમાં તા. ૧૬–૧૧–૯૩ થી તા. ૨૦–૧૧–૯૩ સુધી સતપંથ બાળ શિક્ષણ શિબિરનું આયોજન સંતપંથના પવિત્ર સ્થળ પ્રેરણાપીઠ પીરાણામાં 'શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના છત્ર નીચે શ્રી સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજની પ્રેરણાથી પરમવંદનીય આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજના સાંનિધ્યમાં ગુજરાતભરમાંથી ૧૫૦૦ જેટલી બાલિકાઓએ શિબિરમાંથી સંસ્કારનું ભાથું મેળવ્યું.

શિબિરનું સમાપન પ્રેરણાપીઠના પીઠાધિકારી શ્રી પ. પૂ. આચાર્ય શ્રી કરસનદાસ મહારાજ ને વરદ્ હસ્તે થયું જેમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્રો, રોકડ ઈનામો અપાયાં. શિબિરમાં શિક્ષણના કાર્ય માટે સહભાગી થનાર શિક્ષકભાઈ–બહેનોનું પણ સન્માન થયું.

પ. પૂ. કરસનદાસજી મહારાજે આશિર્વચનમાં નાની બાલિકાઓને તેમના જીવનમાં ઉપયોગી બને તેવો ગુરૂમંત્ર આપ્યો. સમાજનો રાષ્ટ્રનો

પાયો એક સ્ત્રી છે, તેમાં જેટલા સંસ્કારોનું સિંચન થયું હશે તેટલો લાભ ભવિષ્યની પેઢીને મળશે. બાલિકાઓ મોટી બનશે ત્યારે સાસરીમાં અને માવિત્રના બંન્ને પરિવારને ઉન્નત બનાવવા માટે આ સંસ્કાર શિક્ષણ ઉપયોગી થશે. સારા વિચારો, પ્રેમ, દયા, ક્ષમા, સદ્‌ભાવના અને નિડરતા જેવા સદ્‌ગુણોનું ભાથું તેના જીવનને ધન્ય બનાવશે.

શિબિરમાં પધારેલા સૌ મહાનુભાવો અને વાલીઓએ આવા સમાજના પ્રેરકબળસમા ભગીરથ પ્રયત્નોને બિરદાવ્યા હતા. આ સતપંથ બાળશિક્ષણ શિબિરનો તમામ ખર્ચ સ્વેચ્છાએ સતપંથ સમાજના દાતાઓએ આપ્યો છે.

દરેક સમાજ ભાવિ પેઢીને સંસ્કાર શિક્ષણ આપી જીવન ઘડતરનું કામ શરૂ કરે, તો પૂજ્ય ગાંધીજીના રામરાજ્યનું સ્વપ્ન સિદ્ધ થઈ શકે.

આભારદર્શન બાદ શિબિરાર્થી બાળાઓ, પધારેલા વાલીઓ અને શિક્ષક ભાઈ–બહેનો અને સ્વયંસેવકોને ભાવભીની વિદાય આપી ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણના જયનાદ સાથે શિબિરનું સમાપન કર્યું હતું.

□

× વિણેલાં મોતી ×

આશા તો ગુરુદેવકી,
દુજી આશ નિરાશ;
પાનીમેં ઘર મીનકા,
વહ ભી મેરે પિયાસ.

* પોતાના પુરુષાર્થથી જે સત્યની શોધ કરે છે તેને જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.
* ધર્મ જીવનથી અલગ નથી; જીવન એ જ ધર્મ છે.
* દરેકને માટે દયાળુ અને કોમળ બનજો; પરંતુ પોતાને માટે તો કઠોર જ બનજો.
* પવિત્રતા વિના આધ્યાત્મિક જીવન શકય નથી.
* જે પોતાને માટે નિયમ નથી બનાવતો તેને બીજાએ બનાવેલ નિયમ પ્રમાણે ચાલવું પડે છે.

બાલિકાઓના પત્રથી પ્રતિભાવ

તા. ૧૬–૧૧–૯૩ થી તા. ૨૦–૧૧–૯૩ સુધીની સતપંથ બાળ શિક્ષણ શિબિરમાં ભાગ લીધેલ બાળાઓએ પોતાના વતનમાં જઈને શિબિરમાં થયેલા અનુભવો અને પ્રતિભાવો કાગળ લખીને મોકલાવ્યા છે તે અહીં તેમના જ શબ્દોમાં રજૂ કરેલા છે.

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમ: ॥

તા. ૨૬–૧૧–૯૩

પરમ પૂજનીય પ્રાતઃસ્મરણીય પ. પૂ. કરસનદાસજી મહારાજ તથા સંસ્થામાં રહેતા બીજા અન્ય બાપાઓ સર્વે મજામાં હશો.

ગામ લક્ષ્મણપુરાથી આપને તથા પીરાણાને દરરોજ યાદ કરતી હીરલબેન મણીભાઇ રતનશીભાઈ પટેલ.

શિબિરમાંથી ઘેર આવ્યા બાદ શિબિર એટલી યાદ આવે છે કે મન ફરી પાછું ત્યાં આવવા માટે ઝંખી રહ્યું છે. મહાનુભાવોનાં પ્રવચનો અને શિબિરમાં અભ્યાસ કરતી બહેનો પણ ખૂબ જ યાદ આવે છે. બીજું કે શિબિરમાંથી સંસ્કાર અને નિયમો શીખ્યા છીએ તેનું હંમેશાં પાલન કરીએ છીએ, દરરોજ મંદિરે દર્શન કરીને તમે આપેલ ગુરૂ મંત્રનો પાઠ કરીએ છીએ. શિબિરમાં આવેલી બહેનોએ અમારા કંપામાં જ એક નાની શિબિર યોજી છે અને દર અઠવાડિયે યોજવાના છીએ.

લિ. હીરલબેન મણીલાલ રતનશીભાઈ પટેલ
મુ. લક્ષ્મણપુરાકંપા (ડોભાડાકંપા)

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમ: ॥

તા. ૨૫–૧૧–૯૩, ગુરૂવાર
રેખાબેન એમ. પટેલ
મુ. ડોકટરકંપા તા. મોડાસા

પરમવંદનીય,

આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ તથા સંસ્થામાં રહેતા વડીલોને મારા લાખો વંદન.

ડોકટરકંપાથી યાદ કરનાર બાલિકા રેખાબેન તથા મારા કુટુંબીજનો વગેરે મજામાં છીએ.

વિશેષ સાથે જણાવવાનું કે શિબિરમાંથી ઘેર આવ્યા પછી શિબિરને ભૂલી પણ શકાતી નથી અને ફરી પણ આવી શિબિર યોજાય અને ભાગ લેવા મળે તેવી અમારી ઇચ્છા છે. તમારી યાદ અને શિબિરમાં આવેલી બહેનોની યાદ મને તો ડગલે ને પગલે યાદ આવે છે. શિબિરના કારણે અમારા ગામની જે બહેનો આવી હતી તે બહેનોની સાથે બીજી બહેનો પણ તેની સાથે સાથે નિયમો પાળે છે સાથે જોડાય છે, જેમ કે જમતી વખતે મંત્ર બોલીને જમવું તેવી જ રીતે બીજા મંત્રો પણ બોલીએ છીએ. અને સાંજે ખાસ આરતી બોલીએ છીએ. બસ વધુ લખતી નથી.

લિ. રેખાબેન એમ. પટેલ
ડોકટર કંપા

" ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ "

ૐ શ્રી સતપંથ બાલિકા શિક્ષણ શિબિરના પ્રણેતા આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ, પ્રેરણાપીઠ, પીરાણા.

મારું નામ મીનાક્ષીબેન મનુભાઈ અંબાલાલ રાણા. હું ખંભાત ગામની રહેવાસી છું. T.Y.B.A. માં અભ્યાસ કરું છું. આ મારો પહેલો અનુભવ હતો. અત્યાર સુધી શિબિર એટલે શું ? તેમજ સતપંથ ધર્મ વિશે પણ હું કંઈજ જાણતી ન હતી પરંતુ આ શિબિરમાં આવ્યા પછી મારું આત્મજ્ઞાન વધ્યું છે અને તેથી જ હું આ કાગળ લખવા માટે ઉત્સાહીત બની છું. અમારા રાણા સમાજનાં બાળકોને સતપંથ ધર્મ વિશે જ્ઞાન નથી તેથી આપ અમારા રાણા સમાજનાં બાળકોને પૂરતું જ્ઞાન મળે તે પ્રયત્ન કરશો. આચાર્ય શ્રી ચીમનલાલ ચુનીલાલના સુપુત્ર અમેરિકા નિવાસી શ્રી ઠાકોરભાઈ ચીમનલાલ આવા કાર્યક્રમો માટે અમોને પુરો સહકાર આપે છે અને અમારા રાણા સમાંજના સભ્યો પણ પોતાના જ્ઞાન પુરતું બની શકે એટલા કાર્યક્રમો યોજે છે છતાં પણ બાળકનો યોગ્ય વિકાસ તેમજ આત્મજ્ઞાનમાં વધારો થઈ શકતો નથી. તેથી તમારે ત્યાં આવી સતપંથ સદાચાર શિબિરો તેમજ અન્ય આત્મજ્ઞાન માટે કાર્યક્રમો યોજાય તો અમારા રાણા સમાજનાં બાળકોને પણ આપના

આશીર્વાદ તેમજ સુસંસ્કાર રૂપી આત્મજ્ઞાનનો સુંદર લ્હાવો આપવા હું વિનંતી કરું છું. અગાઉ ઉનાળા વેકેશનમાં છોકરાઓ માટેની શિબિર યોજાઈ હતી ત્યારે અમોને આમંત્રણ મળ્યું ન હતું તેથી અમને ખુબ જ દુઃખ થયું છે કે આવો અમૂલ્ય લ્હાવો અમારા ભાઈઓને ન મળ્યો.

હું T.Y.B.A. માં અભ્યાસ કરું છું મને ત્યાં તજજ્ઞ બહેન તરીકે મોકલ્યાં હતાં પરંતુ તે લાભ અમને મળ્યો નહીં. અમારા ગામમાં મારા જેવી અનેક છોકરીઓ ભણેલી છે. જો અમને પણ તજ્જ્ઞબેન તરીકેનું સ્થાન મળે તો અમે પણ સુમિત્રાબેન, કંચનબેન, ગીતાબેન જેવાં તેજસ્વી હોશિયાર બની શકીએ. મને પણ શિબિરના છેલ્લા દિવસે માઈક પર આવીને મારા વિચારો પ્રગટ કરવાનું મન થયું પરંતુ અમારા સમાજમાં આવા કાર્યક્રમોનો અભાવ તેમજ સંકોચતાના કારણે આવી શકી નહીં પરંતુ મને વિશ્વાસ છે કે અમને આવી શિબિરો તેમજ સુમિત્રાબેન જેવી હોશીયાર વિદ્યાર્થીનીઓને પ્રેરણા મળશે તો જરૂર આગળ આવી શકાશે. કારણ કે સ્ત્રી એક શક્તિ છે એ મને આપની શિબિરમાંથીજ પ્રેરણા મળી છે તો આવી શિબિરનો અમને જરૂર લાભ મળશે એવી આશા રાખું છું. આપની શિબિરમાં આવ્યા પછી જ અમને સતપંથ ધર્મ સંસ્કાર, સભ્યતા શિષ્ટાચાર તેમજ જ્ઞાનની વાતોથી માહિતગાર બન્યા છે. તેમજ સ્ત્રીએ પોતાની ફરજો તેમજ ઘરમાં અને અન્ય સ્થળોએ કેવી રીતે રહેવું તે વિશે અમને માહિતગાર બનાવ્યા છે. આવી શિબિરો વારંવાર યોજાય અને અમને જીવનમાં ઉપયોગી થાય તેવું અનમોલ ભાથું અમારા રાણા સમાજનાં બાળકોને મળતું રહે અને અમારા જીવનનું ઘડતર સારી રીતે થઈ શકે તેથી ભવિષ્યમાં આવી શિબિરોનો અમને જરૂર લાભ મળશે એવી આશા રાખું છું.

બસ મારાથી કંઈ વધારે લખાઈ ગયું હોય તો ભૂલચૂક માફ કરશો.

લિ.

આપની વિશ્વાસુ

મીનાક્ષી એમ. રાણા

ખંભાત

ઉપર મુજબની પ્રવૃત્તિના પત્ર મળ્યા તે બદલ ખુબ ખુબ ધન્યવાદ અને ભવિષ્યમાં સદ્પ્રવૃત્તિ કરો તેની ટપાલ દ્વારા અમોને જાણ કરશો તો જરૂર આનંદ થશે.

અક્ષર વલોણું

(ગતાંકથી ચાલુ)

૧ ગગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો
પ્રપંચ તે પડવાનું કામ, સાચે રાચે સીતારામ
એ શિખામણ ચિતમાં ધરો, ગગા ગુરૂની સેવા કરો

હે મુમુક્ષજનો, આપણે પરમાત્માને જોયા નથી પરંતુ શાસ્ત્રોમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્માને નમઃ ગુરૂ સાક્ષાત પરમાત્માનું સગુણ સ્વરૂપ છે માટે ગુરૂની સેવા ઉત્તમ કહેલ છે અને કહ્યું છે. ગુરૂ પદ પંકજ પૂજતાં ચૌદે લોક પુજાય શીવ વિરંચી શારદા, ગુણ ગુરૂના ગાય. સંત કબીર સાહેબ કહે છે "ગણપતિ આવ્યા, રિદ્ધિ સિદ્ધિ લાવ્યા." નીરભે નામ સુનાયા ગુરૂ ગમ વિના બાત કેસી ? સાધુ સંત વિના બાત કેસી ? સંત મીલે ઉપદેશી, મીલે હમારા દેશી ગુરૂ ગમ વિના બાત કેસી ? આ સસારમાં જન્મમરણના ફેરામાંથી મુક્ત થવા માટે અને મૃત્યુના મુખમાંથી બચવા માટે ગુરૂ નિર્ભય (અભય) અમર મંત્ર આપે છે જેથી જન્મમરણ અને કામનો ભય રહેતો નથી.

પર નિંદા પરધન પરહરો, આપણા સંત નરસિંહ મહેતાએ કહ્યું છે કે વૈષ્ણવજન તો તેને રે કહીએ ? પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે, સકળ લોકમાં સૌને વંદે નિંદા ના કરે કેની રે.

સંત કબીર કહે છે: સૂરજ સમો નહિ ચાંદલો, ધરતી સમો નહિ આભ ગુરૂ સમો નહિ ચેલકો, નિંદા જેવું નહિ કોઈ પાપ.

(પરધન પરહરો) સદગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે. પારકું ધન લઈ ભાગવું નહિ ને પુત્ર થઈને આપવું સહી. પ્રપંચ તે પડવાનું ઠામ, સામે રાચે સીતારામ

ઈમામશાહ મહારાજે કહ્યું છે કે મેં જાણું હરિ દૂર છે હરિ વસે હૃદય માંય આડી ત્રાટી કપટની તેથી દેખત નહિ. પ્રભુ સત્યની સાથે રહે છે અને જૂઠથી દૂર રહે છે. કૃષ્ણપ્રભુએ અર્જુન પંગતે બેઠા હતા અને દુર્યોધન ઓશિકા આગળ બાજુમાં હતા છતાં જૂઠા દુર્યોધનને તજ્યા અને સત્યરૂપી અર્જુનને શરણે રાખ્યા.

૨ ઘધ્ધા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ ઉપાય,
સમજીને સંશય ટાળવા ને, બાહ્યાંતર હરિ ભાળવા,
જોતાં જીવ દશા જો જાય, ઘધ્ધા ઘણું કહેશું થાય.

હે મુમુક્ષ, તને ગણું કહેતાં મને સંકોચ થાય છે. તેજીને ટકોરા અને મૂર્ખને ડફણાં માટે તું તો બહુ જ સમજુ જીવાત્મા છે માટે તને વધારે કહેવાનું ના હોય. આપણામાં ઘણો બધો માયાવી મેલ ભરેલો છે, આ મેલ કાઢવા માટે ગુરૂની સેવા પૂજા કરવી પડશે. એક પંક્તિમાં કહ્યું છે. ગુરૂ ધોબી, શિષ્ય કપડાં, સાબુ સરજનહાર સુરત શીલા પર ધોઈએ તો મેલ નીકળે અપાર.

સદગુરૂ ઈમામશાહ મહારાજે કહ્યું છે. ગુરૂ દીવો, ગુરૂ દેવતા, ગુરૂ ગુરૂ વિના ઘોર અંધકાર, ગુરૂએ સંસાર સાગરમાં દીવાદાંડી રૂપી માર્ગદર્શક છે માટે ગુરૂ એ શિષ્યના તારણહાર કહ્યા છે. સમજીને સંશય ટાળવા બાહ્યાંતર હરિ ભાળવા.

વેદવાણી, સંતવાણી વિગેરેમાંથી સમજવાનું કે પરમાત્મા તો સચરાચર વ્યાપક છે. બધા જ દેવમંદિરોમાં દેવળોમાં બધી જ જગ્યાએ વ્યાપક છે પરંતુ મારા માટે તો ગુરૂ મૂર્તિ, ગતિ ચંદ્રમાને સેવક નેન ચકોર આઠે પહોર નીરખત રહું મારા ગુરૂ મૂર્તિકી મહોર.

બહાર અને મારા શરીરમાં પરમાત્મા વ્યાપેલા છે માટે બીજે ક્યાંય શોધવા જવાનું નથી.

જોતાં જીવ દશા જો જાય, આત્માભાવ, જીવભાવ અને દેહભાવ આ દેહભાવ અને જીવભાવ ત્યારે જશે જ્યારે તને ગુરૂ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને વૈરાગ્ય પ્રાપ્ત થશે અને દુનિયાના બધા જ પદાર્થોમાંથી મન જ્યારે વાળી લઈશ અને માત્ર ગુરૂમાં જ તારું મન પરોવાયેલું રહેશે ત્યારે ગુરૂકૃપાથી જીવનું કલ્યાણ થશે અને મોક્ષ પ્રાપ્ત થશે.

ગીતામાં કહ્યું છે ધ્યાન મૂલમ્ ગુરૂ મૂર્તિ, મંત્ર મૂલમ્ ગુરૂ વાક્યો અને પૂજા મૂલં ગુરૂ પદમ મોક્ષ મૂલ ગુરૂ કૃપા.

જીવરાજભાઈ એલ પટેલ

(ક્રમશ આવતા અંકે)

□

-: આદર્શ વિદ્યાર્થી-જીવન :-

- કિશોર વ્યવસ્થા -

આદર્શ વિદ્યાર્થી એ કહેવાય જેમાં સત્યભાવ અને આદર્શ ગુણ હોય છે, અને આદર્શ વિદ્યાર્થીના દિલમાં સાચું બોલવું તથા નાના મોટાને આદર્શ કરવો તથા માતાપિતાને દુઃખી ના કરવાં તથા ખરાબ કામ તથા જુઠી ચાડી ન કરવી. આ વિદ્યાર્થીનું આદર્શ જીવન છે. વિદ્યાર્થીનું કર્તવ્ય સાચું હોવું જોઈએ. વિદ્યાર્થીનું કર્તવ્ય વિદ્યાધ્યન કરવું. અને વિદ્યાર્થીને પોતાનાં માબાપ ઉપર પ્રેમભાવ આદર હોવાથી માતા પિતાને સુખ હોય છે. અને માતાપિતા વિદ્યાર્થી ઉપર ખુશ થઈને ખાવાપીવા અને વાપરવાનું સુખ આપે છે. બાદ કોઈ વિદ્યાર્થી પોતાના માબાપને દગો આપે છે. અને પોતાનું જીવન વ્યર્થ કરે છે. અને માબાપને દુઃખ આપે છે. અને પોતાનું જીવન વ્યર્થ કરે છે. અને માબાપને દુઃખ આપે છે. અને પોતાની જીંદગી ખરાબ કરે છે. જેવી રીતે માબાપ સમજે છે કે અમારો છોકરો ભણવા ગયો છે. અને આવા વિદ્યાર્થી જેઓ સ્કૂલ જવાને બદલે જ્યાં ત્યાં ઘુમ્યા કરે છે. આવું કામ કરવાથી પોતાની જીંદગી ખરાબ કરે છે. જે વિદ્યાર્થી સભ્યતા અને નિયમાનસાર વર્તે છે. તેને જ્ઞાન પ્રાપ્ત થાય એ વિદ્યાર્થીનું જીવન આદર્શ જીવન કહેવાય છે.

અને એક વિદ્યાર્થી એવો હોય છે જેમને ભણવાની ઈચ્છા હોય છે તે ભણવાને ચાહે છે. પણ એમનાં માબાપ ગરીબ હોવાથી એમને એમનાં માબાપ ભણાવી શકતાં નથી. અને એ ભણી શકતો નથી. આથી એનું જીવન ગરીબીથી વ્યર્થ થઈ જાય છે.

બાદ એક વિદ્યાર્થી એવો હોય છે જેમનાં માબાપ એમને ભણાવવાની ખુબ તરીકેથી ઉપાય કરે છે. અને આદર ભાવ રાખે છે. પણ તે ભણતો નથી અને પોતાના માબાપને આદર ભાવ રાખતો નથી. આથી માબાપને દુઃખ થાય છે. અને એ પોતાનું જીવન વ્યર્થ કરી નાખે છે. આથી કોઈ લાભ નથી થતો વિદ્યાર્થી એ કામ કરવું જોઈએ. જેમાં લાભ થતો હોય, આવું કામ વિદ્યાર્થી બચપણથી કરે તો જીંદગીભર એમની આદત લાભ કરવાની જ રહે !

બાદ વિદ્યાર્થીને મારા તરફથી કહેવું છે કે આ લેખમાં જે જ્ઞાન લખેલું છે. એ જ્ઞાન પ્રાપ્ત કરીને એમની જીંદગીને સુધારે છે. એ વિદ્યાર્થીનું જીવન પણ આદર્શ થઈ જાય છે ! હું પણ એક વિદ્યાર્થી છું.

❋ માનવ જરા વિચાર ❋

(રાગ : અભિમન્યુના ચક્રાવાનો)

સાખી :– લાખ કરોડો રૂપિયા ખર્ચી, કોઈ ચલાવે સત્ય વેણ
વૃથા ગુમાવે જીંદગી સ્નાનવિણ, તે નર જાણુ ગમાર.

કર્મ કરે મનથી જેવું, તેવું તે નર પામે.
ખાડો ખોદે તે નીચે જાશે, ઘર ચણનારો ઉપર

કામ, ક્રોધ, ઈર્ષા, અભિમાન, શત્રુ જો દિલમાં પેસે.
અંતરનો ક્રોધ અંતરને બાળે, ઘડી ન ઠરવા દેશે.

શ્રદ્ધા, અને સબુરી રાખે, મળશે ઉત્તમ સ્થાન,
એ બે નિયમ જો પાળે અંતર, પામે નર ભગવાન.

ધર્મ દાન કરજો સહુ નિત્યે, રંક પર રાખો પ્રીતિ,
ટુકડો રોટી કાજે માનવ, બગાડશો નવનિત.

પરધન, પરસ્ત્રી, આંખ ન ધરશો, એ છે પાપની ખાણ
પરનિંદામાં મુંગા બનજો, જીવન અણમોલ જાણ

ચડતી પડતી સુખ દુઃખ તણી, ફરતી રહે ઘટમાળ,
સુખમાં રૂપ બદલ ના તારૂં, ના દુઃખમાં હિંમત હાર.

જુઓ ઘડાઓ રેંટ તણાજે, ભરાય ખાલી થાય,
કુદરતની કરામત આગળ, માનવ શું સમજાય.

અજ્ઞાનતાનો મેલ ચઢે, હૃદય પર, રહેશે રસના મેલી
સત્યનું જ્ઞાન લગાવી, જોજો રીત છે સહેલ.

એ અજ્ઞાનીને જ્ઞાન દેતાં, ઉલટું વાળે વેર,
સર્પને જેમ દુધ પાતાં, ઝાઝું વધશે ઝેર.

સાખી :– સત્ય જે ન અપનાવે પ્રેમથી, તે નર જાણુ ગમાર,
મહા અમૂલ્ય જીવન મળ્યું, માનવ જરા વિચાર.

□

-: ભજન :-

તાળી પરીક્ષા કરોને નર પુરા
જીરે સંભે સેવ્યા સોય પાર ઉતારીયા જી,
ચંદન રોપાવી તમે કાષ્ટ કાં ભાળો જી,
બીજને વધાવી તમે બારસ કાં ભાળો-૧

સાસુને સેવીને તમે અવરકાં માળો,
અલખ જીતીને તમે કરીયાં વાંકા હારો રે જી.
અભેદીના નર તમે સભેદી ના કાવો,
પ્રગટ જોયું ત્યાં તમે છપનાં કેમ આવોરે જી
લછણુ થી ડરીએ તે જોઈને પગ ભરીએ
ધરમ લાખેણાને શીદ ન વરીએ-

સત્યમાં બેઠા રે નર શબ્દ ના ભુલ્યો,
કેલા અપડનને આપે થાય શુલારે જી,
પાટે બેસીને પરમોદી થાવે
વાના શબ્દે કોળી પાવ આપે રે જી-૩

વચન વિચારી તમે આ ધર્મ પાળો,
સંતને સાહેબ તમે એક કારી ભાવો રે જી,
ચારે ચારે જુગની તો એક જ બારી,
કેંક ગયા જીતીરે કેંક ગયા હારી રે જી-૪

સહસ્ત્ર કળાને જ્યોત્ય છે અનેરી,
ચારે ચારે પાટ તેની એ કહે અનેરી રે જી.
અલખ પુરૂષના સો અવતારી,
એ પદ બુજે સોઈએ ગુરૂજી અમારા રે જી-૫

સત્યના મંદીરમાં જે નર બેઠા
ગત્ય મુક્તિમાં રમતા રે દીઠા રે જી.
બીજરે બરાબર નવ કોઈ જાણે
સંત ઓધરીયાં સોઈ ધરમ વખાણે રે જી-૬

સંતના મંદિરમાં ધર્મના છે દિવા
અડસઠ તીરથમાં નહિ કોઈ વારે રે જી.

હુકમ દીઓ તો પીરજી હું ને વધાવું
પાહોર દીઓતો પીરજી પાટે રે આવું જી-૭

શીલ સંતોષના જે નર ભોગી;
ગત્યેરે મુક્તમાં રમતા રે જોગીજી રે જી.
હૃદયે રે હૃદયમાં એની છે વાણી
ન પીયે ધરારિ રે અમરત નારે પાણી-૮

વચન વીચારી તમે મહા ધર્મ પાળો,
મેરુરે શીખરથી ગંગાજી રે વાળો રે જી.
આંગણે આવ્યા નર આખર અંજાતા
ધન્ય રે વખાણુ તોળા તેની માતા-૯

* જીવણદાસનાં ભજન *

સંસારમાં કોણ નાના કોણ મોટા,
ભજન વિના ખાશો જમના સોટા.
આરે કાયાને તમે એવી રે જાણજો, પાણી તણા પરપોટા
જીવવું થોડુંને જંજાળ ઘણો રે વેપાર કરવા ખોટા સં.
આરે કાયાને જ્યારે લાગતા નિત્ય નહતાને નિત્યધોતા
માથડે તેલ ફુલેઈ લગાડતા સુંઘે ગુલાબના ગોટા સં.
સોનાની થાળીએ ભોજન જમતા પીવા કંચનના લોટા
છત્ર પતિ તો ચાલ્યા ગયા જેના જગમાં મળે નહિ જોટા
ખાતાં ને પીતાં ખૂબીચું કરતા દૂધ સાકર ને ચોખા,
કાળ અચાનક આવશે ત્યારે, થાશે જમના ધોકા. સં.
નર નારીને ફાલ ફુલ બેસે પછી સુખીયા થઈને સોતા,
ખોળામાં આપીને ખેંચી લેશે પછી રહેશો તમે તો રોતા,
દેવ દર્શન તમે મેલી કરીને, ભાંડ ભવાયા જોતા
નારીનાં લુગડા નર પહેરતાં મુરતના મન મોહતાં સં.
એરે નેણુંમાં નિદ્રા ઘણેરા, સેજ પલંગમાં સોતા
ગુરૂ પ્રતાપે જીવણ બોલ્યા, જાણે જનમ્યા નહોતા સં.

–: ભજન :–

નાભી કમળસે નટુવાં ચડીયા, અધર ઉતારા કીના
તરવેણીમાં જુઓ તમાસા, ગુરુ બાંહે સહના મેરા
એ સતગુરૂના સુરાવખત ત્યાં પોંચે નર કોઈ પુરારેજી
–નાભી૦
શબ્દ સુણો ભાઈ મારગજાતાં સંત મૂલ્ય પરજીવા રે જી,
અખંડ જ્યોતણાં હુવો ઉજીયારો તેજના નીરખ્યા,
તારા રે જી–નાભી૦
ખટ દરશનમાં ખેલતદીઠા, પીધા પ્યાલા ગુરૂપુકારે રે જી
ચારે વેદમાં જે નર સમજ્યા, નાહ્યા નિરમળ નીર રે જી
–નાભી૦
અધર મેલસે ધોતી ઉતારા, લાલ પંચરંગી પીરા રે જી
સુન મેલીસુરતા ચઢીગગન પરમહંસ પાયા હીરા રે જી
–નાભી૦
અધર જમીસે જાળ છલીયા, ડગમગ ડગલા ધીરે જીરે
દાસ જીવણ સંતો ભીમને ચરણે, સદગુરુ મળીયા
મુરારે જી–નાભી૦

—: ભજન :—

જબરો કાળ ઝપાટો રે, માથે મરણ બીક છે મોટી,
જંતર જાણો મંતર જાણો જાણો તંતર ટાળા
કાળા મહા બળવાન મંદ જ્યાં ધ્રુજી પડે ધારાળા જ૦
વૈદ બોલાવો સૈંડ બોલાવો, કરો ઉકાળા કુટી,
ખુટી તે તો જરૂર ખુટી ટુંટીની નથી છુટી–જ૦
ભોંયરું ખોદો શીખો શરોદો, તત્ત્વો વિચારો તાજા,
નાડી ભેદ દહાડી રમો પણ વળશે ઉંધા વાજા–જ૦
જોષ જુઓ નીર્દોષ ભણીને, દોષ શુકનના કાઢો,
જમ કીંકરનો અજબ ઝાપટો, ગજબકરીદે ગાઢો–જ૦
વેશ ઉતારો કેશ ઉતારો દેશ ઉતારો દુજે,
પકડે આવી મોત પલકમાં, જીવલડો શું જુજે–જ૦
રોટી બદલો ચોટી બદલો લોટા બદલો લાખો
દર્દ મરદને ગરદને ગરદ કરી દે, મોત મર્દ આખો–જ૦
ધર્મ ધરો અધર્મને મેલી, ખાતે હ્યો ખેલી,
ઋષીરાજ રઘુનાથ વીના, નથી કોમે બરાબર બોલી–જ૦

□

બાલિકા શિબિરમાં બાળબ્રહ્મ ભોજનના દાતાઓનાં નામ આ પ્રમાણે છે.

(૧) તા. ૧૬-૧૧-૯૩ બપોરે શ્રી હરિભગતદાસ પીરાણાવાળા તરફથી
(૨) તા. ૧૭-૧૧-૯૩ બપોરે શ્રી સવદાસભાઈ રામજીભાઈના પરિવાર, નાશિક (મહારાષ્ટ્ર) તરફથી
(૩) તા. ૧૭-૧૧-૯૩ સવારના ચા-નાસ્તો અને સાંજનું ભોજન શ્રી નારણભાઈ વસરામભાઈ ચોપડા આનંદપુરા (મોડાસા)
(૪) તા. ૧૮-૧૧-૯૩ બપોરે શ્રી પાલડી લાટ સતપંથ પરિવાર તરફથી
(૫) તા. ૧૮-૧૧-૯૩ સાંજે શ્રી સોમદાસ હરિભાઈના પરિવાર તરફથી (વડાગામ).
(૬) તા. ૧૯-૧૧-૯૩ બપોરે શ્રી કાનજીભાઈ વાલજીભાઈના પરિવાર તરફથી ગામ ધોળીવાવકંપા તા. વિજયનગર
(૭) તા. ૧૯-૧૧-૯૩ સાંજે શ્રી દાનાભાઈ વાલજીભાઈના પરિવાર તરફથી ગામ-શિવપુરાકંપા, તા. મોડાસા
(૮) તા. ૨૦-૧૧-૯૩ બપોરે શ્રી નારણભાઈ કેશરાભાઈ ધનજીભાઈના પરિવાર તરફથી, ઘાટકોપર, મુંબઈ. (દરશડી કચ્છ)

ઉપર જણાવેલ બાલિકા બ્રહ્મ ભોજનના દાતાઓનો સતપંથ બાળ શિક્ષણ શિબિરની આયોજન સમિતિ સાભાર સ્વીકાર કરી આભાર માને છે.

દાતાઓ અને તેના કુટુંબીજનોને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સદ્‌બુદ્ધિ, અને સત્કર્મમાં સહભાગી થવાની પ્રેરણા આપે, શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન સહાય ચડતી રાખે, તેવા પરમ પૂજ્ય આચાર્યશ્રી કરસનદાસજી મહારાજના શુભ આશીર્વાદ છે.

હવેની આગામી શિબિર માટે સ્વેચ્છાએ દાતાઓ તરફથી બાળ બ્રહ્મ ભોજનના સહયોગ માટે નામ નોંધાવ્યાં છે. તે નીચે મુજબ યાદી છે.

(૧) સવારથી સાંજ સુધીનું (ચા-નાસ્તો અને જમણ) એક દિવસનો તમામ ખર્ચ આપવા માટે શ્રી કરસનભાઈ રાજાભાઈ-રાજા મેન્શન સોનીવાડ, ભૂજ-કચ્છ તરફથી.
(૨) બીજા દિવસ માટે બપોરના જમણનો ખર્ચ મેઘજી ભાઈ હિરજીભાઈના કુટુંબ પરિવાર તરફથી હસ્તે-શ્રી નારણભાઈ મેઘજીભાઈ-કુલીયણવાડી (માંડવી) કચ્છ-આમ. દાતાઓનો અનેરો ઉત્સાહ જોઈ બાલિકાઓ અને કાર્યકરોના આનંદમાં વધારો થયો છે.



卐 " સતપંથ જયોત " 卐

પત્ર વ્યવહાર :– સતપંથ પ્રકાશન સમિતિ

સંપાદક :– શ્રી સામજીભાઈ કે. પટેલ

ઠે. પ્રેરણાપીઠ પીરાણા, તા. દસક્રોઈ જિ. અમદાવાદ

મીરોલી ટે. નં. P.P. ૨૨૭ પો. નં. ૩૮૨૪૨૫

S.T.D. કોડ નં. ૦૨૭૧૮/૮૮